દાખલ તારીખ :- ૦૩/૦૭/૨૦૨૫
નોંધ્યા તારીખ :- ૦૩/૦૭/૨૦૨૫
ફેંસલ તારીખ :- ૨૩/૦૬/૨૦૨૬

સમયગાળો:-

આંક-

| |
|---|
| **મોરબીના મ્હે.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.મુ.મોરબી.** <br><br> **ફોજદારી કેસ નં.૪૮૬૪/૨૦૨૫** <br> (મોરબી તાલુકા પ્રોહી ગુના રજી. નં.૧૩૩૫/૨૦૨૫) |

| | |
|---|---|
| **ફરીયાદી** | **શ્રી સરકાર.** |
| ફરીયાદપક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિધ્વાન પબ્લીક પ્રોસીકયુટર. | શ્રી એમ.આઈ.ચીસ્તી |
| આરોપી | કાંતીભાઈ મેરૂભાઈ ઝાલા ઉ.વ.૩૬ રહે.પ્રેમજીનગર તા.જી.મોરબી. |
| આરોપી તરફે પ્રતિનિધિત્વ કરનાર વિધ્વાન વકીલશ્રી | શ્રી જે.એમ.પરીખ |

| | |
|---|---|
| ગુનો | પ્રોહી કલમ ૬૫ બી,સી,ડી,એફ મુજબ. |

**FORM -B**

| | |
|---|---|
| **બનાવ તારીખ** | ૧૯/૦૬/૨૦૨૫ |
| **એફ.આઈ.આર.તા.** | ૧૯/૦૬/૨૦૨૫ |
| **ચાર્જશીટ દાખલ તા.** | ૦૩/૦૭/૨૦૨૫ |
| **ચાર્જફ્રેમ કર્યા તા.** | ૦૧/૧૨/૨૦૨૫ |
| **પુરાવો ચાલુ થયા તા.** | ૧૯/૦૫/૨૦૨૬ |
| **ચુકાદો અનામત રાખ્યા તા.** | ૦૯/૦૬/૨૦૨૬ |
| **ચુકાદા તારીખ** | ૨૩/૦૬/૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | -- |

| આરોપીઓ નં. | આરોપીઓનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાર / નિર્દોષ | સજા | સી. આર. પી. સી. ની કલમ : ૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કાંતીભાઈ મેરૂભાઈ ઝાલા | – | – | પ્રોહી કલમ ૬૫ બી, સી, ડી, એફ | નિર્દોષ | –– | –– |

**FORM-C**

**ફરિયાદ પક્ષે / બચાવ પક્ષે / કોર્ટ તરફે સાહેદ લીસ્ટ**

**એ./ફરિયાદ પક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| પી.ડબલ્યુ.૧ /આંક :૦૮ | ભુપતભાઈ મુળજીભાઈ દેલવાણીયા | પંચ |
| પી.ડબલ્યુ.૨ /આંક :૧૦ | વિનોદભાઈ દુદાભાઈ ચાવડા | પંચ |
| પી.ડબલ્યુ.૩ /આંક :૧૧ | બળદેવભાઈ ઘોઘાભાઈ દેત્રોજા | ફરીયાદી |

**બી./બચાવ પક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –– | –– |

**સી./ કોર્ટ પક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –– | –– |

**ફરિયાદ પક્ષે/ બચાવ પક્ષે / કોર્ટ પક્ષે આંક :**

**એ./ ફરિયાદ પક્ષે આંક :**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૯ | પંચનામું |
| ૨. | ૧૨ | અસલ ફરીયાદ |

**બી./ બચાવ પક્ષે આંક :**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

**સી./ કોર્ટ પક્ષે આંક :**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| -- | -- | -- |

**કબજે કરેલ મુદ્દામાલ :**

| અ.નં. | આર્ટીકલ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | - | - |

**તારીખ :૨૬/૦૫/૨૦૨૬**
**મોરબી.**

**બી.વી.સંચાણીયા**
**ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,મોરબી**
**(જીજે ૦૦૭૪૫)**

**-::ઠરાવ::-**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગે.કા.પાસ પરમીટ આધાર વગર પોતાના કબજા ભોગવટા વાળા રહેણાંક મકાનમાં દેશી દારૂ બનાવવાનો ઠંડો આથો આશરે લીટર ૪૦/- કિંમત રૂપિયા ૧૦૦૦/- તથા દેશીપીવાનો દારૂ લીટર ૦૬ કિંમત રૂપિયા ૧૨૦૦/- તથા ભઠઠીના સાધનો કિંમત રૂ. ૨૦૦૦/- કુલ મુદામાલ કિંમત રૂ. ૪૨૦૦/-નો વેચાણ કરવાના ઈરાદે રાખી મળી આવી આવતા આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન કલમ- **૬૫ બી, સી, ડી, એફ** મુજબની ફરિયાદ ફરિયાદીએ મોરબી તાલુકા પો.સ્ટે.માં આપતાં તેની તપાસ કરી, તપાસ કરનાર અમલદારે આરોપીને અટક કરી, લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ગુન્હો બનતો હોવાનો પુરતો પુરાવો હોય અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

૨. આ કામના આરોપીને ના.કોર્ટ ધ્વારા હાજર રહેવા પ્રોસેસ ઈસ્યુ કરતા આરોપી હાજર થતાં આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપ્યાની ખાત્રી કર્યા બાદ આરોપીના ગુના સંબંધી તહોમતનામુ આંક-૦૪થી તથા આંક-૦૫ થી પ્લી નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી આ કામે આગળની ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવેલ છે.

૩. ત્યારબાદ ફરીયાદ પક્ષે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે, જે તમામ વિગત ફોર્મ-સીમાં જણાવેલ છે. બચાવપક્ષે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ નથી.

૪. ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત મૌખીક કે દસ્તાવેજી પુરાવા સિવાય વિશેષ કોઈ પુરાવો રજુ કરેલ નથી. ફરીયાદપક્ષ ધ્વારા રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેઈ આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે તેમાં તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સબબ કામે દલીલો સાંભળી.

**૫.** આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદ્દા ::–</u>**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગે.કા.પાસ પરમીટ આધાર વગર પોતાના કબજા ભોગવટા વાળા રહેણાંક મકાનમાં દેશી દારૂ બનાવવાનો ઠંડો આથો આશરે લીટર ૪૦/– કિંમત રૂપિયા ૧૦૦૦/– તથા દેશીપીવાનો દારૂ લીટર ૦૬ કિંમત રૂપિયા ૧૨૦૦/– તથા ભઠઠીના સાધનો કિંમત રૂ. ૨૦૦૦/– કુલ મુદામાલ કિંમત રૂ. ૪૨૦૦/–નો વેચાણ કરવાના ઈરાદે રાખી મળી આવી આવતા આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન કલમ–**૬૫ બી, સી, ડી, એફ** મુજબનો ગુન્હાનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

**:૧: નકારાત્મક,**

**:૨: આખરી હુકમ મુજબ.**

## –:: <u>નિર્ણયના કારણો</u> ::–

**<u>મુદા નં. ૧ અને ૨</u> ::**

**૭.**આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, હકીકતોનુ પુનરાવર્તન ટાળવા તથા સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામા આવેલી છે.

૮. આ કામે ફરિયાદ પક્ષના સાહેદોના પુરાવાની ચર્ચા કરીએ તે અગાઉ એ નોંધવુ જરુરી છે કે, ફરિયાદપક્ષ ધ્વારા જે દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે, તે દસ્તાવેજી પુરાવાને મૌખિક પુરાવાનુ સમર્થન મળવુ જરુરી છે.

૯. આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં આંક–૦૮ થી પંચ ભુપતભાઈ મુળજીભાઈ દેલવાણીયા તેમજ આંક–૧૦ થી પંચ વિનોદભાઈ દુદાભાઈ ચાવડા નાઓને તપાસતાં તે દરમ્યાન આંક–૦૯ થી પંચનામુ રજુ થયેલ છે. પણ આ પંચોની જુબાની જોતાં તેમણે તેમાં પોતાની સહી ઓળખવાથી વિશેષ કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી.તેમજ તેઓને ફરી ગયેલા સાક્ષી જાહેર કરાયા બાદ તેઓની ઉલટતપાસમાં પણ તેઓએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

સદરહુ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદ ફરીયાદપક્ષને સમર્થનકારક પુરાવો આપતા ન હોઈ તેઓ ને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા સાહેદ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સુચક પ્રશ્નો પુછવામાં આવેલ હોવા છતાં

પણ સદરહુ પંચ સાહેદોએ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવો કોઈ પુરાવો આપેલ નથી. સદર ફરીયાદપક્ષના પંચ સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દવારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકત કબુલ રાખેલ છે કે,પંચનામામા સહી સીવાય બીજુ કાઈ જાણતા નથી. આમ, આંક–૦૯ થી રજુ થયેલ પંચનામાની હકીકતો સાબીત થતી નથી.

**૧૦.** ફરીયાદપક્ષ તરફે આંક–૧૧ થી ફરીયાદી બળદેવભાઈ ઘોઘાભાઈ દેત્રોજા નાઓને તપાસવામાં આવેલ છે.તેઓએ પોતાની સરતપાસમાં ફરીયાદની હકીકતને સમર્થનકારક પુરાવો રજુ કરેલ છે અને સરકાર તરફે પોતે ફરીયાદી બની ફરીયાદ આપેલ અને તે ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૨ થી રજુ રાખેલ છે.

આરોપી પક્ષે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જે ઉલટતપાસમાં ફરીયાદીએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે,ફરીયાદ આપતા પહેલા પંચનામું કરેલુ અને ત્યારબાદ ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે આજુબાજુ ઘણા બધા માણસો રહે છે. એ વાત ખરી છે કે રેઈડવાળી જગ્યા આરોપીની માલીકી હોવા અંગેનો કોઈ પુરાવો લીધેલ નથી.

૧૧. આમ,ફરીયાદ તથા પંચ સાહેદોની જુબાનીનું મુલ્યાંક કરતા ફરીયાદ પક્ષના કેસને સ્વતંત્ર પંચ સાહેદોના નિવેદનથી સમર્થન મળતુ નથી, તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ નથી. ફરીયાદપક્ષે અન્ય કોઈ સાક્ષી તપાસવામાં

આવેલ નથી. ફરીયાદ પક્ષના કેસને સ્વતંત્ર સાહેદોના નિવેદનથી સમર્થન મળતુ નથી, તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામાં સફળ થયેલ નથી. આ કામે પ્રોહીબીશન એકટની જોગવાઈઓ ધ્યાને લેતાં ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલ નથી, તેમજ એફ.એસ.એલ.નો રીપોર્ટ રજુ કરેલ નથી. જગ્યાની માલીકી બાબતે કોઈ પુરાવા રજુ કરેલ નથી, તેમજ ગુના અંગેના પણ કોઈ તત્વો પુરવાર થતા ન હોઈ તેમજ હાલના કામે પણ સમગ્ર હકીકતે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા પરથી બનાવ સ્થળે અને સમયે આરોપી તેમના કબજા ભોગવટામાં દેશી દારુ બનાવવાઓ આથો તેમજ સાધનો મળી આવેલ હોવાનુ સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ રહેલ હોઈ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેતો ન હોઈ, જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય 'નકારમાં' આપી મુદ્દા નં.ર પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## –:: <u>આખરી હુકમ</u> ::–

(૧) ઓરોપી કાંતીભાઈ મેરૂભાઈ ઝાલા ઉ.વ.૩૬ રહે.પ્રેમજીનગર તા.જી.મોરબી. નાઓને પ્રોહીબીશન એકટની કલમ **૬૫ બી, સી, ડી, એફ,** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી આથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આરોપીએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આપેલ જામીનખત આખરી હુકમ વિરુધ્ધ જો અપીલ કોર્ટમાં અપીલ દાખલ થાય તેવા સંજોગોમાં હાલના આરોપી અપીલ કોર્ટમાં હાજર રહે તે માટે છ માસની સમય

મર્યાદા માટે આરોપીના જામીનખત તથા જાતમુચરકા ચાલુ રાખવા હુકમ કરવામાં આવેલ છે.

(૩) કબજે કરવામાં આવેલ મુદામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ :: મોરબી.
તારીખ :: ૨૩/૦૬/૨૦૨૬

(**બી.વી.સંચાણીયા**)
**ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,મોરબી.**
U.I.C.NO. GJ00745

**AUG**